શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન –રાજકોટ

# Revenue Talati Paper-5

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

**સ્થળ:**

શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ
ન્યુ માયાણી નગર, પાણીના ટાંકા સામે, માલવિયા નગર પોલીસ સ્ટેશનવાળી શેરી, મવડી મેઈન રોડ, રાજકોટ – 360 004

**વધુ માહિતી માટે સંપર્ક:**

**0281-2365099 / 0281-2970498/ 7405878428 / 8490983856**

# શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ

## એડમીશન ઓપન

## IBPS PO / Clerk

- સવાર–સાંજની રેગ્યુલર બેચ
- સંપૂર્ણ સ્ટડી મટીરીયલ્સ ફ્રી
- બેંક ઓફીસર તેમજ ૧૫ વર્ષનાં અનુભવી ફેકલ્ટી
- લેટેસ્ટ બુક સાથેની અદ્યતન લાઈબ્રેરી
- રીડીંગ રૂમની સુવિધા

સમય : સાંજે ૬ થી ૮

માહીતી તેમજ રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો.

## સરદાર પટેલ ભવન

ન્યુ માયાણીનગર પાણીનાં ટાંકા સામે, માલવિયાનગર પોલીસ સ્ટેશનવાળી શેરી, મવડી મેઈન રોડ, રાજકોટ.

ફોન : 2365099/2970498/74058 78428/84909 83856/97142 12189

# શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ

UPSC-GPSC-IBPS-PSI પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરતી સૌરાષ્ટ્રની એકમાત્ર સંસ્થા

## ધો.12 પછી શું ???

સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરવાની સુવર્ણ તક...
ગુજરાત સરકારની ટુંક સમયમાં જાહેર થનાર કલાસ-૩
(રેવન્યુ તલાટી, હાઈકોર્ટ કલાર્ક)ની એડવાન્સ બેચનું આયોજન

રેગ્યુલર બેચ
સોમ થી શુક્ર

ડેઈલી ટેસ્ટનું આયોજન

બેચ શરૂ તારીખ
10-4-2017

વધુ માહીતી માટે સંપર્ક : **સરદાર પટેલ ભવન**

ન્યુ માયાણીનગર પાણીનાં ટાંકા સામે, માલવિયાનગર પોલીસ સ્ટેશનવાળી શેરી, મવડી મેઈન રોડ, રાજકોટ.

ફોન : 0281-2365099 / 74058 78428 /84909 83856

# Revenue Talati Paper-5

1. બજારમાં જઈ કરવામાં આવતી ખરીદી

(અ) ચવાણું (બ) હટાણું (ક) અથાણું (ડ) ગરમાણું

2. અતિથિને માન આપી લાવવા સમુહમાં વાજતેગાજતે સમું જવું તે

(અ) જાનૈયા (બ) વરઘોડિયા (ક) સામૈયું (ડ) પરોણા

3. વરસાદ લાવવા માટે ગવાતો રાગ

(અ) માલકંસ (બ) તોડી (ક) ભૈરવી (ડ) મલ્હાર

4. અંગુઠા પાસેની આંગળી

(અ) તર્જની (બ) અનામિકા (ક) ટચલી (ડ) વચલી

5. છાતીના રક્ષણ માટેનું કવચ

(અ) શિરપાઘ (બ) તલવાર (ક) વક્ષ:સ્ત્રાણ (ડ) ભાલો

6. હથિયાર તરીકે ફૂલની ઉપયોગ કરનાર કામદેવ

(અ) મદન (બ) પુષ્પધન્વા (ક) મનોજ (ડ) કંદર્પ

7. મસ્તક પર ડાળીવાળી સ્ત્રીનું શિલ્પ

(અ) શિરભંજીકા (બ) પુષ્પભંજીકા (ક) શાલભંજીકા (ડ) શિરપ્રતિમા

8. દૂધમાંથી છાશ બનાવવા વપરાતું દ્રવ્ય

(અ) પનીર (બ) છાસ (ક) મેળવણ (ડ) ખીર

9. જમીન પર સુઇને પ્રણામ કરવા તે

(અ) પંચાંગ (બ) દંડવતપ્રણામ (ક) ગુલાંટપ્રણામ (ડ) નતપ્રણામ

10. પોતાના પછી જન્મેલો ભાઈ

(અ) આત્મજ (બ) અનુજ (ક) સહોદર (ડ) અગ્રજ

11. કદીય ન ખૂટે તેવું

(અ) અક્ષય (બ) અવિનાશી (ક) અખૂટ (ડ) અખિલ

12. પોતાની જાતને છેતરવી એટલે

(અ) આત્મશ્લાઘા (બ) આત્મવંચના (ક) આત્મસ્તુતિ (ડ) સ્વવિનાશ

13. ઝાયણી એટલે ................

(અ) દિવાસાનું પર્વ (બ) નવા વર્ષનું પર્વ

(ક) પારસીઓની ધાર્મિક વિધિ (ડ) યહૂદીઓની એક ધાર્મિક વિધિ

14. કયું જોડકું ખોટું છે?

(અ) શરણાઈ વગાડનાર-ઢાઢી (બ) છોકરા ચોરી જનારો- કાળવેળીયો

(ક) માત્ર નફામાં ભાગીદાર – ગણેશભાગીયો (ડ) ઉપરમાંથી એકેય નહિ

**15. ભારત બહાર સંસ્થાનોમાં લઈ જવાતા મજૂરોનું કરારપત્ર એટલે........**

(અ) કરારનામું (બ) ગિરમીટ (ક) મજુરપોથી (ડ) પોશિટો

**16. પરગણાનો હિસાબ રાખનાર અમલદાર એટલે....**

(અ) હિસાબ કારકુન (બ) ખાતેદાર (ક) મજમુદાર (ડ) ગણત્રીકાર

**17. નામ અંગે કયું વિધાન ખોટું છે?**

(અ) સમૂહવાચક નામ સમૂહ તેમજ સમુહથી છૂટી વ્યક્તિને લાગુ પડે છે.

(બ) સમૂહવાચક નામ મુખ્યત્વે સરખા ગુણોવાળી વ્યક્તિઓના સમુહને લાગુ પડે છે.

(ક) સમૂહવાચક નામ વર્ગને નહિ પણ સમુહને દર્શાવે છે.

(ડ) ઉપરમાંથી એકેય નહિ.

**18. જાતિવાચક નામ અંગે કયું વિધાન ખોટું છે?**

(અ) જાતિવાચક નામ આખા વર્ગને લાગુ પડે છે.

(બ) જાતિવાચક નામ વર્ગની ગમે તે વ્યક્તિને લાગુ પડે છે.

(ક) જાતિવાચક નામને લિંગ-વચનના પ્રયત્નો લાગે છે.

(ડ) ઉપરમાંથી એકેય નહિ

**19. સંજ્ઞા અંગે કયું વિધાન ખોટું છે?**

(અ) સંજ્ઞા એટલે લિંગ, વચન અને વિભક્તિનો પ્રત્યય લેતો શબ્દ

(બ) વિભક્તિના પ્રત્યયો લિંગ-વચનના પ્રત્યયો પહેલા લાગે છે.

(ક) ઉપરમાંથી એકેય નહિ

(ડ) ઉપરના બને

**20. નીચેનામાંથી કયું અમૂર્ત નામ છે?**

(અ) દયા (બ) ઝાડ (ક) ટેબલ (ડ) કુતરું

**21. નીચેનામથી કયું મૂર્ત નામ છે?**

(અ) ગુસ્સો (બ) હીંચકો (ક) અદેખાઈ (ડ) ન્યાય

**22.ગુજરતી ભાષામાં લિંગ અંગે કયું વિધાન ખોટું છે?**

(અ) ગુજરાતી ભાષમાં પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ એમ ત્રણ લિંગ છે.

(બ) સજીવ પ્રાણી સૃષ્ટિમાં નૈસર્ગિક લિંગ જોવા મળે છે.

(ક) બધા નિર્જીવ પદાર્થો નાન્યતર જાતિમાં આવે છે.

(ડ) ઉપરમાંથી એકેય નહી

**23. સંસ્કૃત તત્સમ શબ્દોમાં પુલ્લિંગ પરથી સ્ત્રીલિંગ બનાવવા ક્યાં પ્રત્યયોનો ઉપયોગ થાય છે?**

(અ) ઈ (બ) આ (ક) ઇકા (ડ) ઉપરનાબધા

24. લિંગ દ્વારા સૂચવાતા અર્થ અંગે કયું વિધાન ખોટું છે?
(અ) નપુંસકલિંગ દ્વારા જાતિનો અભાવ દર્શાવાય છે.
(બ) નિર્જીવ સૃષ્ટિમાં પુલ્લિંગ મોટું પરિણામ દર્શાવે છે.
(ક) સ્ત્રીલિંગ સંજ્ઞાઓ ઘણીવાર ગંભીરતા અને ગૌરવના ભાવ સૂચવે છે.
(ડ) ઉપરમાંથી એક પણ નહી

25. સંજ્ઞાના લિંગચિહ્ન અંગે કયું જોડકું ખોટું છે?
(અ) પુલ્લિંગ - ઓ (બ) સ્ત્રીલિંગ – ઈ
(ક) નપુંસકલિંગ- ઉ (ડ) ઉપરમાંથી એકેય નહિ

26. તદભવ શબ્દોમાં સ્ત્રીલિંગ દર્શાવતા લિંગચિહ્નમાં કોનો સમાવેશ થાય છે?
(અ) ઈ (બ) ણ (ક) આણી (ડ) ઉપરના બધા

27. ઓરડી-ઓરડો સંજ્ઞામાં લિંગચિહ્ન શો અર્થ દર્શાવે છે?
(અ) લિંગ (બ) પરિણામ (ક) પ્રબળતા (ડ) ઉપરમાંથી એકેય નહિ

28. ડબી-ડબો સંજ્ઞામાં લિંગચિહ્ન શો અર્થ દર્શાવે છે?
(અ) પરિણામ (બ) લિંગ (ક) આકાર (ડ) તિરસ્કાર

29. લીમડો-લીંબડી સંજ્ઞામાં લિંગવાચક પ્રત્યયો શું દર્શાવે છે?
(અ) માત્ર બોલી ભેદ (બ) પરિણામ
(ક) આકાર (ડ) નૈસર્ગિક લિંગ

30. નીચેનામાંથી કયું સંજ્ઞા પરથી બનેલું સધિત વિશેષણ છે?
(અ) લોખંડી (બ) રખડું (ક) મોંઘેરું (ડ) એકલું

31. નીચેનામાંથી કયું સંજ્ઞા પરથી બનેલું સાધિત વિશેષણ છે?
(અ) નજીકનું (બ) આળસુ (ક) બેવડું (ડ) આઘેરું

32. નીચેનામાંથી કયું ક્રિયાપદ પરથી બનેલું સાધિત વિશેષણ છે?
(અ) દૂરનું (બ) વસ્તારી (ક) બોલકો (ડ) રસિક

33. તેની <u>અંતિમ</u> ઘડીઓ ગણાય રહી છે. વિશેષણ ઓળખાવો.
(અ) ગુણવાચક (બ) પરિમાણવાચક
(ક) સાર્વનામિક (ડ) સંખ્યાવાચક

34. લગ્નમાં લોકો <u>લખલૂટ</u> ખર્ચા કરે છે. વિશેષણ ઓળખાવો.
(અ) પરિમાણવાચક (બ) ગુણવાચક
(ક) સાર્વનામિક (ડ) સંખ્યાવાચક

35. <u>કાંચુ</u> ફળ મને ન ભાવે - વિશેષણ ઓળખાવો.
(અ) વિકારી પરિણામવાચક (બ) ગુણવાચક વિકારી
(ક) અવિકારી પરિણામવાચક (ડ) સાધિક ગુણવાચક

36. હુ <u>આટલી</u> હકીકત જાણું છુ. - વિશેષણ ઓળખાવો.

(અ) ગુણવાચક (બ) પરિણામવાચક

(ક) સાર્વનામિક (ડ) સબંધવાચક

37. <u>શિલ્પાના</u> અક્ષરો મને ખુબ ગમે છે - વિશેષણ ઓળખાવો.

(અ) સાદશ્યસૂચક ગુણવાચક (બ) સાર્વનામિક

(ક) પરિણામવાચક (ડ) સબંધવાચક વિશેષણ

38. મીનાનો વર <u>વહેમીલો</u> છે.- વિશેષણ ઓળખાવો.

(અ) વિધેય વિશેષણ (બ) અનુવાદ્ય વિશેષણ

(ક) સાદું વિશેષણ (ડ) અવિકારી વિશેષણ

39. <u>જેવી</u> દ્રષ્ટી <u>તેવી</u> સૃષ્ટિ- વિશેષણ ઓળખાવો.

(અ) સાર્વનામિક (બ) સાપેક્ષ

(ક) વિધેય વિશેષણ (ડ) સબંધ વાચક

40. એ રુદ્રકુંડને પણ જોયો – કઈ વિભક્તિ છે

(અ) ચતુર્થી (બ) દ્વિતીય (ક) તૃતીય (ડ) પંચમી

41. દુનિયાનો છેડો ઘર.- કઈ વિભક્તિ છે

(અ) દ્વિતીય (બ) પંચમી (ક) પ્રથમા (ડ) છઠ્ઠી

42. કુંપળોથી વન પલપલી રહે છે – કઈ વિભક્તિ છે.

(અ) તૃતીયા (બ) દ્વિતીયા (ક) ચતુર્થી (ડ) આઠમી

43. પગલું માંડું હુ આકાશમાં - કઈ વિભક્તિ છે

(અ) દ્વિતીય (બ) પંચમી (ક) સપ્તમી (ડ) છઠ્ઠી

44. વ્હાલા, તું તો મુજ પાસ રહીશ ને ? કઈ વિભક્તિ છે?

(અ) ચતુર્થી (બ) સંબોધન (ક) તૃતીયા (ડ) પ્રથમાં

45. તે આંસુડે વાવે છે અમરવેલ- કઈ વિભક્તિ છે

(અ) ચતુર્થી (બ) પંચમી (ક) પ્રથમાં (ડ) તૃતીયા

46. ડોહાએ ખડકી ઉઘાડી - કઈ વિભક્તિ છે

(અ) પ્રથમા (બ) દ્વિતીયા (ક) પંચમી (ડ) આઠમી

47. વળી દીસે દ્રોપદીમાનનો ક્ષય - કઈ વિભક્તિ છે

(અ) દ્વિતીયા (બ) પંચમી (ક) છઠ્ઠી (ડ) આઠમી

48. જકાત નાકે ઉભો રહી જાય. કઈ વિભક્તિ છે

(અ) ચતુર્થી (બ) સાતમી (ક) પ્રથમા (ડ) તૃતીયા

49. શૃંગેથી તમે અમને જોયા હશે. - કઈ વિભક્તિ છે

(અ) દ્વિતીયા (બ) પ્રથમા (ક) છઠ્ઠી (ડ) પંચમી

50. તેનું મુખ મોહક હતું - કઈ વિભક્તિ છે

(અ) છઠ્ઠી (બ) દ્વિતીય (ક) ચતુર્થી (ડ) આઠમી






## Answer Key Revenue Talati Paper-5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | બ | 11 | ક | 21 | બ | 31 | બ | 41 | ડ |
| 2 | ક | 12 | બ | 22 | ક | 32 | ક | 42 | અ |
| 3 | ડ | 13 | બ | 23 | ડ | 33 | ડ | 43 | ક |
| 4 | અ | 14 | ડ | 24 | ક | 34 | અ | 44 | બ |
| 5 | ક | 15 | બ | 25 | ડ | 35 | બ | 45 | ડ |
| 6 | બ | 16 | ક | 26 | ડ | 36 | ક | 46 | અ |
| 7 | ક | 17 | અ | 27 | બ | 37 | ડ | 47 | ક |
| 8 | ક | 18 | ડ | 28 | ક | 38 | અ | 48 | બ |
| 9 | બ | 19 | બ | 29 | અ | 39 | બ | 49 | ડ |
| 10 | બ | 20 | અ | 30 | અ | 40 | બ | 50 | અ |

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

**BEST OF LUCK…………**

તમારા સપનાઓ…….

અમારું માર્ગદર્શન……

જરૂર લાવશે એક પરિણામ……